# કહાઁ ગયે વો લોગ...

□ ઉમર ફારૂક ચામડ ટંકારવી

આજથી આશરે વીસ વરસ પહેલાં મારા મરહુમ વાલીદ સાહેબના એક ખાસ અંગત મિત્ર જનાબ ઈસાભાઈ ડેલાવાલા (મરહુમ)ને હાર્ટ ઍટેક આવેલો. રાતના મારી ગાડીમાં સેવાશ્રમ - ભરૂચ ખાતે એમને દાખલ કરવામાં આવ્યા. હાર્ટ ઍટેકની ગંભીરતાને કારણે એમને આઇ.સી.યુ.માં દાખલ કરવામાં આવેલા. બીજા દિવસે હું એમની ખબર લેવા હોસ્પિટલમાં ગયો. આઇ.સી.યુ.ના દરવાજામાં એમનો દીકરો બેસેલો. એણે મને કહ્યું પપ્પાને વાત કરવાની મના છે. મારી સાથેની વાતચીત સાંભળી મરહુમે હાથનો ઈશારો કરી મને અંદર બોલાવ્યો. હું એમના બિસ્તરની સામે ઊભો રહી ઈશારાથી એમની ખબર અને એમને કંઇ પણ ન બોલવા સમજાવતો હતો.

મારી આ ભલામણ ન માની એમણે મને તરત એક શેર સંભળાવ્યો જે હતો:

*દર્દે દિલકે વાસ્તે પેદા કિયા ઈન્સાન કો*
*વરના તાઅત કે લિયે કુછ કમ ન થે કર્રોબિયાઁ*

હું આ સાંભળી સ્તબ્ધ થઇ ગયો. થોડીવારે એમની રજા લઇ છૂટો પડયો. થોડા દિવસ પછી એમણે આ ફાની દુનિયાથી વિદાય લીધી. આવા હતા આપણા વડીલો!

●●●●●

*તા.ક. આપણા વડીલો વિષે આ લેખમાળા આગળ વધારવી છે. કોઈ ભાઈને ગામના અન્ય મરહુમો વિષે આવો કોઈ પ્રસંગ યાદ હોય તો મને જણાવશો યા લખશો.*